# JITESH D. KANTRODIYA
## (ADVOCATE)
G/377/2011
309, LAKHANI CHAMBER, MINI BAZAR,
VARACHHA ROAD, SURAT-395006.
MOBILE .99138-72299


## :: ટાઈટલ કલીઅરન્સ રીપોર્ટ ::

સુરત ડિસ્ટ્રીકટ, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પુણાના **મોજે ગામ સરથાણા** માં આવેલ સર્વે નં. ૧૦/૨, **બ્લોક નંબરઃ ૯** થી નોંધવામાં આવેલ જમીન કે જેનુ રેવન્યુ દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૦, આરે. ૯૨,૭૫ ચો.મી. યાને ૯૨૭૫ ચો.મી. છે જેનો **ટી.પી. સ્કીમ નંબરઃ ૨૨** (સરથાણા–વાલક) ને લાગુ પડતા ફાયનલ પ્લોટ નંબરઃ ૫૪ ફાળવવામાં આવેલ તે બીનખેતીની જમીન પૈકી સુરત મહાનગર પાલીકાએ મંજુર કરેલ સબ–ડીવીઝન પ્લાનમાં દર્શાવેલ **સબ–પ્લોટ નંબરઃ ૧** જેનું ક્ષેત્રફળ ૧૩૩૮.૦૦ ચો.મી. વાળી બીનખેતીની જમીનનો ટાઈટલ કલીઅરન્સ રીપોર્ટ.

**મિલકત માલીક તથા કબજેદારનુ નામઃ**
**શ્રી જીતેશભાઈ રણછોડભાઈ હદવાણી**

મારી સમક્ષ રજુ કરવામાં આવેલ નીચે જણાવ્યા મુજબના પુરાવાઓ તથા સબ રજીસ્ટ્રારશ્રી ની કચેરીઓ માંથી મે લીધેલ સર્ચ ના આધારે હું નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકત માટે નીચે મુજબની વિગતથી ટાઈટલ કલીઅરન્સ રીપોર્ટ આપુ છું.

**મજકુર જમીન ની ટાઈટલ સંબંધી વિગત એવી છે કે,:**

સુરત ડિસ્ટ્રીકટ, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પુણાનાં **મોજે ગામ સરથાણાના** સર્વે નંબરઃ ૧૦/૨, જેનો **બ્લોક નંબરઃ ૯** થી નોંધાયેલ જમીનનાં મુળ માલીક શ્રી તાપી બ્રહ્મચર્ય આશ્રમના

# JITESH D. KANTRODIYA
## (ADVOCATE)
G/377/2011

309, LAKHANI CHAMBER, MINI BAZAR,
VARACHHA ROAD, SURAT-395006.
MOBILE .99138-72299


વહીવટ કર્તા કંચનલાલ મંછારામ ચાલી આવેલ. જે જમીનના ગણોતીયા નરોત્તમ નાથા તથા જીવણ રણછોડનું નામ બોમ્બે ટેનન્સી એકટ કલમ–૩૧ મુજબ બીજા હકકમાં દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ દફતરે ફેરફાર નોંધ નંબરઃ ૧૦ થી તારીખઃ ૩૦/૦૯/૧૯૫૧ ના રોજ પડેલ અને પ્રમાણીત થયેલ.

ત્યારબાદ મે.મામ.સાહેબના ટેનન્સી હુકમ નં.૧૦૪/૫૫, તારીખઃ ૦૫/૧૦/૧૯૫૫ આધારે સં.ગણોતીયા શ્રી જીવણ રણછોડનું નામ બીજાહકક માંથી કમી કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ દફતરે ફેરફાર નોંધ નંબરઃ ૫૦ થી તારીખઃ ૦૮/૧૦/૧૯૫૫ ના રોજ પડેલ અને પ્રમાણીત થયેલ.

ત્યારબાદ મે.મામ.સાહેબના હુકમ નં. આર.ટી.એસ./૨૬/૫૫–૫૬, તારીખઃ ૩૧/૧૦/૧૯૫૫ ના હુકમના આધારે સદરહું જમીનના ધારણકર્તા તરીકે જુના ટ્રસ્ટી કંચનલાલ મંછારામનું નામ કમી કરી નવા ટ્રસ્ટી (૧). ઠાકોરદાસ જમનાદાસ, (૨). નગીનદાસ ખરવાલ તથા (૩). હીરાલાલ મગનલાલના નામ દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ દફતરે ફેરફાર નોંધ નંબરઃ ૫૧ થી તારીખઃ ૦૩/૧૧/૧૯૫૫ ના રોજ પડેલ અને પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના ગણોતીયા નરોત્તમભાઈ નાથાભાઈ તારીખઃ ૦૬/૧૦/૧૯૫૭ ના રોજ ગુજરી જવાથી તેમના વારસદાર તરીકે ઈશ્વરભાઈ નરોત્તમભાઈ નું નામ વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલ. જે વારસાઈ અંગેની નોંધ ગામ દફતરે ફેરફાર નોંધ નંબરઃ ૧૨૭ થી તારીખઃ ૦૨/૧૧/૧૯૬૦ ના રોજ પડેલ અને પ્રમાણીત થયેલ.

# JITESH D. KANTRODIYA
## (ADVOCATE)
G/377/2011
309, LAKHANI CHAMBER, MINI BAZAR,
VARACHHA ROAD, SURAT-395006.
MOBILE .99138-72299

ત્યારબાદ સદરહું જમીનના માલીક શ્રી તાપી બ્રહ્મચર્ય આશ્રમના વહીવટ કર્તા તથા ટ્રસ્ટી શ્રી ઠાકોરભાઈ જમનાદાસ, હીરાલાલ મગનલાલ તથા દીનકરભાઈ ચંદુલાલનાએ સદરહું જમીન ઈશ્વરભાઈ નરોત્તમભાઈને તારીખઃ ૨૨/૦૧/૧૯૬૨ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપેલ. જે વેચાણ અંગેની નોંધ ગામ દફતરે ફેરફાર નોંધ નંબરઃ ૧૪૫ થી તારીખઃ ૨૮/૦૨/૧૯૬૨ ના રોજ પડેલ અને પ્રમાણીત થયેલ.

ત્યારબાદ મે.એકત્રીકરણ અધિકારી સાહેબના નંબરઃ કોન/સરથાણા/કઠોર, તારીખઃ ૧૩/૧૧/૧૯૭૨ મુજબ સદરહું રે.સ.નંબરઃ ૧૦/૨, વાળી જમીનને બ્લોક નંબરઃ ૯ આપવામાં આવેલ. જે એકત્રીકરણ અંગેની નોંધ ગામ દફતરે ફેરફાર નોંધ નંબરઃ ૨૮૭ થી તારીખઃ ૨૧/૦૨/૧૯૭૩ ના રોજ પડેલ અને પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના રેકર્ડ પરના કબ્જેદાર ઈશ્વરભાઈ નરોત્તમભાઈ તારીખઃ ૨૬/૦૮/૨૦૦૯ ના રોજ ગુજરી જવાથી તેમના વારસદારો (૧). લક્ષ્મીબેન તે ઈશ્વરભાઈ નરોત્તમભાઈની વિધવા, (૨). દમયંતિબેન ઈશ્વરભાઈ, (૩). નીતાબેન ઈશ્વરભાઈ તથા (૪). મહેશભાઈ ઈશ્વરભાઈના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ. જે વારસાઈ અંગેની નોંધ ગામ દફતરે ફેરફાર નોંધ નંબરઃ ૪૧૦૮ થી તારીખઃ ૦૪/૦૬/૨૦૧૦ ના રોજ પડેલ અને પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના રેકર્ડ પરના કબ્જેદારો (૧). લક્ષ્મીબેન તે ઈશ્વરભાઈ નરોત્તમભાઈની વિધવા, (૨). દમયંતિબેન ઈશ્વરભાઈ, (૩). નીતાબેન ઈશ્વરભાઈ તથા

# JITESH D. KANTRODIYA
## (ADVOCATE)
G/377/2011
309, LAKHANI CHAMBER, MINI BAZAR,
VARACHHA ROAD, SURAT-395006.
MOBILE .99138-72299


(૪). મહેશભાઈ ઈશ્વરભાઈ, (૧). લક્ષ્મીબેન તે ઈશ્વરભાઈ નરોત્તમભાઈની વિધવા, (૨). દમયંતિબેન ઈશ્વરભાઈ, (૩). નીતાબેન ઈશ્વરભાઈનાએ પોતાનો હકક હીસ્સો ઉઠાવી લીધેલ. જે હકક કમી અંગેની નોંધ ગામ દફતરે ફેરફાર નોંધ નંબરઃ ૫૩૯૧ થી તારીખઃ ૦૬/૦૮/૨૦૧૩ ના રોજ પડેલ અને પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલીક મહેશભાઈ ઈશ્વરભાઈએ પોતાની હયાતીમાં તેમના સીધીલીટીના વારસદારો (૧). સરોજબેન મહેશભાઈ, (૨). નિકુંજભાઈ મહેશભાઈ, (૩). નિરવભાઈ મહેશભાઈના નામ સામાયીક હકકે દાખલ કરાવેલ. જે સામાયીકપણા અંગેની નોંધ ગામ દફતરે ફેરફાર નોંધ નંબરઃ ૫૪૯૮ થી તારીખઃ ૨૧/૦૨/૨૦૧૪ ના રોજ પડેલ અને પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું નવી અને બીનતબદીલ અવિભાજય સત્તા પ્રકારની જમીન કલેકટરશ્રી, સુરતનાએ તેમના હુકમ નંબરઃ ગણત–૪/૨જી નં.૯૬/૧૬/વશી.૧૮૧૨ થી ૧૮૨૨/૨૦૧૭ (ઓનલાઈન ફાઈલ નં. ૨૬૫૯૭) તારીખઃ ૦૨/૦૫/૨૦૧૭ થી રહેણાંક તથા વાણીજય હેતુ જુનીશરત હેતુફેર તબદીલ કરવા હુકમ કરેલ, જે હુકમ અંગેની નોંધ ગામ દફતરે ફેરફાર નોંધ નંબરઃ ૫૮૭૨ થી તારીખઃ ૧૦/૦૫/૨૦૧૭ ના રોજ પડેલ અને પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહુ ખેતીની જમીન (૧). મહેશભાઈ ઈશ્વરભાઈ પટેલ, (૨). સરોજબેન મહેશભાઈ પટેલ, (૩). નિકુંજભાઈ મહેશભાઈ પટેલ, (૪). નિરવભાઈ મહેશભાઈ પટેલ વતી કુલ મુખત્યાર દરજજે મહેશભાઈ ઈશ્વરભાઈ પટેલ પાસેથી (૧).

# JITESH D. KANTRODIYA
## (ADVOCATE)
G/377/2011
309, LAKHANI CHAMBER, MINI BAZAR,
VARACHHA ROAD, SURAT-395006.
MOBILE .99138-72299


ઘનશ્યામભાઈ રણછોડભાઈ ડોબરીયા, (૨). ભરતભાઈ નાનજીભાઈ ભેંસાણીયા, (૩). નાનજીભાઈ મોહનભાઈ ચોવટીયા, (૪). હરેશભાઈ નરશીભાઈ ડોબરીયા તથા (૫). જીતેશભાઈ રણછોડભાઈ હદવાણીએ વેચાણથી રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ સબ રજી. સુરત–૮ (રાંદેર) ની કચેરીમાં અનુક્રમ નંબરઃ ૪૮ થી તારીખઃ ૨૨/૦૧/૨૦૧૮ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે હકક ફેરફાર એન્ટ્રી નંબરઃ ૫૯૫૩ થી તારીખઃ ૦૨/૦૨/૨૦૧૮ ના રોજ થયેલી છે અને તે નોંધ તારીખઃ ૧૩/૦૩/૨૦૧૮ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદર જમીન અંગે બિન અવેજી સુધારાનો તથા કબુલાતનો દસ્તાવેજ કરી આપેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ સબ રજી. સુરત–૮ (રાંદેર) ની કચેરીમાં અનુક્રમ નંબરઃ ૬૧ થી તારીખઃ ૧૨/૦૨/૨૦૧૯ ના રોજ નોંધાયેલ છે.

ત્યારબાદ મે. કલેકટરશ્રી સુરતનાં હુકમ નં. ગણત–૪/રજી.નં. ૫/૨૦૧૮/વશી.૨૨૧૧/ ૨૦૧૭ ઓનલાઈન ફાઈલ નં. ૨૬૫૦૧૨ તારીખઃ ૨૭/૦૨/૨૦૧૮ ના હુકમ થી તેમની કચેરીના હુકમ નં. ગણત–૪/રજી.નં. ૯૬/૧૬/વશી.૧૮૧૨ થી ૧૮૨૨/૨૦૧૭ ઓનલાઈન ફાઈલ નં. ૨૬૫૯૭ તારીખઃ ૦૨/૦૫/૨૦૧૭ માં શરત નં. ૩ ની શરતમાં સુધારો કરતા મુદતમાં તારીખઃ ૧૬/૦૬/૨૦૧૮ સુધીમાં કલમ–૬૫ હેઠળ બિનખેતી પરવાનગી મેળવી લેવા સુધારા હુકમ કરેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે હકક ફેરફાર એન્ટ્રી નંબરઃ ૫૯૭૬ થી

# JITESH D. KANTRODIYA
## (ADVOCATE)
G/377/2011

309, LAKHANI CHAMBER, MINI BAZAR,
VARACHHA ROAD, SURAT-395006.
MOBILE .99138-72299


તારીખઃ ૦૯/૦૩/૨૦૧૮ ના રોજ થયેલી છે અને તે નોંધ તારીખઃ ૨૫/૦૪/૨૦૧૮ ના રોજ પ્રમાણીત થયેલ.

સદરહું જમીનમાં બિનખેતીનું કૃત્ય કરવાની પરવાનગી કલેકટર સાહેબ, સુરતનાએ તેમના હુકમ નંબરઃ એ/જમન/તત્કાલ/એસ.આર.નંબરઃ ૬૯/આઈડી નંબરઃ ૩૦૩૨૪૬/વશી/૪૬૫૨ થી ૪૬૬૭/૨૦૧૮, તારીખઃ ૦૭/૦૭/૨૦૧૮ ના રોજ પરવાનગી આપેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે હકક ફેરફાર એન્ટ્રી નંબરઃ ૬૦૨૯ થી તારીખઃ ૦૬/૦૮/૨૦૧૮ ના રોજ થયેલી છે અને તે નોંધ તારીખઃ ૨૨/૧૦/૨૦૧૮ ના રોજ પ્રમાણીત થયેલ.

સદરહું જમીનમાં બિનખેતીનું કૃત્ય કરવાની પરવાનગી કલેકટર સાહેબ, સુરતનાએ તેમના હુકમ નંબરઃ એ/જમન/તત્કાલ/એસ.આર.નંબરઃ ૬૯/૧૮/ આઈડી નંબરઃ ૩૦૩૨૪૬/વશી/૪૬૫૨ થી ૪૬૬૭/૨૦૧૮, તારીખઃ ૦૭/૦૭/૨૦૧૮ ના રોજ પરવાનગી આપેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે હકક ફેરફાર એન્ટ્રી નંબરઃ ૬૦૪૬ થી તારીખઃ ૨૦/૦૯/૨૦૧૮ ના રોજ થયેલી છે અને તે નોંધ તારીખઃ ૦૧/૧૨/૨૦૧૮ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું બીનખેતીની જમીન (૧). ઘનશ્યામભાઈ રણછોડભાઈ ડોબરીયા, (૨). ભરતભાઈ નાનજીભાઈ ભેંસાણીયા, (૩). નાનજીભાઈ મોહનભાઈ ચોવટીયા, (૪). હરેશભાઈ નરશીભાઈ ડોબરીયા તથા (૫). જીતેશભાઈ રણછોડભાઈ હદવાણીએ વહેચણ કમ વેચાણનો લેખથી બનાવેલો અને તે લેખ મુજબ કુલ જમીન પૈકી ૧૩૩૮ ચો.મી. જમીન જીતેશભાઈ રણછોડભાઈ હદવાણીના હિસ્સે આવેલી જે અંગેનો વહેચણ કમ વેચાણનો લેખ

# JITESH D. KANTRODIYA
## (ADVOCATE)
G/377/2011
309, LAKHANI CHAMBER, MINI BAZAR,
VARACHHA ROAD, SURAT-395006.
MOBILE .99138-72299

સબ–રજી. સુરત–૩ (નવાગામ)ની કચેરીમાં અનુક્રમ નંબરઃ ૧૦૬૦૧ થી તારીખઃ ૨૨/૦૭/૨૦૨૨ ના રોજ નોંધાયેલ છે જે અંગેની નોંધ ગામ દફતરે ફેરફાર નોંધ નંબરઃ ૬૬૯૮ થી તારીખઃ ૦૪/૧૦/૨૦૨૨ ના રોજ પડેલ અને તારીખઃ ૨૨/૧૨/૨૦૨૨ ના રોજ પ્રમાણીત થયેલ.

સદરહું જમીન અંગે સુરત મહાનગરપાલીકા માં સબ–ડીવીઝન પ્લાન ઓડીપીએસ /૨૦૨૨/૧૨૪૩૪૦ તારીખઃ ૨૦/૦૨/૨૦૨૩ થી મંજુર કરાવેલ છે. જે સબ–ડીવીઝન પરવાનગી મુજબ સદરહું જમીનમાં બે સબ–પ્લોટ પાડવામાં આવેલા છે. જે બીનખેતીની જમીન પૈકી સબ–પ્લોટ નંબરઃ ૧ કે જેનું ક્ષેત્રફળ ૧૩૩૮ ચો.મી. છે.

ત્યારબાદ જીતેશભાઈ રણછોડભાઈ હદવાણી એ સુરત મહાનગરપાલીકાને અરજી કરતા મજકુર જમીનમાં સુરત મહાનગરપાલીકા દ્વારા સબ પ્લોટ નંબરઃ ૧ માં બાંધકામ અંગેનો પ્લાન ક્રમાંક નંબરઃ ટી.ડી.ઓ./ડીપી/નં. ૨૬૦, તારીખઃ ૨૩/૦૨/૨૦૨૩ થી મંજુર કરેલ.

એ રીતે સદરહુ જમીન **જીતેશભાઈ રણછોડભાઈ હદવાણી** સ્વતંત્ર અને સંપુર્ણ માલીક, મુખત્યાર, કબજેદાર અને વહીવટદાર બનેલા અને ચાલી આવેલા છીએ. આમ સદરહુ જમીનના ટાઈટલ અમારા થકી સંપુર્ણ ચોખ્ખા અને માર્કેટેબલ બને છે.

આમ મેં કરેલ તપાસ તથા મારી સમક્ષ રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે હું સ્પષ્ટ અભીપ્રાય આપુ છુ કે સુરત ડિસ્ટ્રીકટ, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પુણાના મોજે

# JITESH D. KANTRODIYA
## (ADVOCATE)
G/377/2011

309, LAKHANI CHAMBER, MINI BAZAR,
VARACHHA ROAD, SURAT-395006.
MOBILE .99138-72299


**ગામ સરથાણા** માં આવેલ સર્વે નંબરઃ ૧૦/૨, **બ્લોક નંબરઃ ૯** થી નોંધવામાં આવેલ જમીન કે જેનુ રેવન્યુ દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૦, આરે. ૯૨,૭૫ ચો.મી. યાને ૯૨૭૫ ચો.મી. છે જેનો **ટી.પી. સ્કીમ નંબરઃ ૨૨** (સરથાણા–વાલક) ને લાગુ પડતા ફાયનલ પ્લોટ નંબરઃ ૫૪ ફાળવવામાં આવેલ તે બીનખેતીની જમીન પૈકી સુરત મહાનગર પાલીકાએ મંજુર કરેલ સબ–ડીવીઝન પ્લાનમાં દર્શાવેલ **સબ–પ્લોટ નંબરઃ ૧** જેનું ક્ષેત્રફળ ૧૩૩૮.૦૦ ચો.મી. વાળી બીનખેતીની જમીન કોઈપણ પ્રકારના બોજા, ચાર્જ, લીયન થી મુકત છે અને માલીકી હકકના ટાઈટલો સંપુર્ણ ચોખ્ખા અને માર્કેટેબલ છે અને પ્રથમ દર્શનીય રીતે શંકાસ્પદ માલીકી (ડીફેકટીવ ટાઈટલ) હોવાના કોઈપણ પુરાવા નથી.

સદર ટાઈટલ રીપોર્ટની સાથે મારી સમક્ષ રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ જમીન માલીકને પરત કરેલ છે. જેની યાદી નીચે મુજબ છે.

(૧). મોજે ગામ સરથાનાના સર્વે નંબરઃ ૧૦/૨ જેનો બ્લોક નંબરઃ ૯ થી નોંધાયેલ બીનખેતીની જમીનની ૧૯૫૭–૫૮ થી ૨૦૨૩ સુધીની ૭/૧૨ તથા ૮–અ ની નકલ.

(૨). મોજે ગામ સરથાણના સર્વે નંબરઃ ૧૦/૨ જેનો બ્લોક નંબરઃ ૯ થી નોંધાયેલ બીનખેતીની જમીનનો ના હકકપત્રક (નમુના નં.: ૬) ની તમામ નકલો.

(૩). વેચાણ દસ્તાવેજ નંબરઃ ૪૮/૨૦૧૮, બિન અવેજી સુધારાનો તથા કબુલાતનો દસ્તાવેજ નંબરઃ ૬૧/૨૦૧૯ તથા વહેચણ કમ વેચાણનો લેખ નંબરઃ ૧૦૬૦૧/૨૦૨૨ થી નોંધાયેલા દસ્તાવેજોની નકલ.

# JITESH D. KANTRODIYA
## (ADVOCATE)
G/377/2011

309, LAKHANI CHAMBER, MINI BAZAR,
VARACHHA ROAD, SURAT-395006.
MOBILE .99138-72299


(૭). સદરહુ જમીનના બીનખેતી કરવાની પરવાનગી મહેરબાન કલેકટરશ્રી, સુરતના હુકમ નંબરઃ એ/જમન/તત્કાલ/એસ.આર.નંબરઃ ૬૯/૧૮/આઈડી નંબરઃ ૩૦૩૨૪૬/વશી/૪૬૫૨ થી ૪૬૬૭/૨૦૧૮, તારીખઃ ૦૭/૦૭/૨૦૧૮ ના રોજ આપવામાં આવેલી તે નકલ.

(૮). સદરહુ જમીન અંગે સુરત મહાનગરપાલીકા માં સબ–ડીવીઝન પ્લાન ઓડીપીએસ/૨૦૨૨/૧૨૪૩૪૦ તારીખઃ ૨૦/૦૨/૨૦૨૩થી મંજુર કરાવેલ છે તે નકલ.

(૯). સદરહું જમીન અંગે સુરત મહાનગરપાલીકાને અરજી કરતા મજકુર જમીનમાં સુરત મહાનગરપાલીકા દ્વારા સબ પ્લોટ નંબરઃ ૧ માં બાંધકામ અંગેનો પ્લાન મંજુર કરેલ તેના ક્રમાંક નંબરઃ ટી.ડી.ઓ./ ડીપી/નં. ૨૬૦, તારીખઃ ૨૩/૦૨/૨૦૨૩ થી મંજુર કરેલ તેની રજાચીઠ્ઠી તથા પ્લાનની નકલ.

(૧૦). સબ રજીસ્ટ્રાર કચેરી સુરત (કામરેજ) ના પહોચ નંબરઃ ૨૦૨૩૧૧૫૦૦૦૦૯૧૮૪ તારીખઃ ૧૩/૦૩/૨૦૨૩, સબ રજીસ્ટ્રાર કચેરી સુરત–૩ (નવાગામ) ના પહોચ નંબરઃ ૨૦૨૩૦૨૦૦૦૦૦૯૮૯૫ તારીખઃ ૧૩/૦૩/૨૦૨૩, સબ રજીસ્ટ્રાર કચેરી સુરત–૮ (રાંદેર) ના પહોચ નંબરઃ ૨૦૨૩૩૨૨૦૦૦૦૦૭૦૨ તારીખઃ ૧૪/૦૩/૨૦૨૩ ના રોજ થી શોધ ફી ભરીને સદરહું મીલકત માટે ૩૩ વર્ષના રેકર્ડની શોધ લેવામાં આવેલ છે.

# JITESH D. KANTRODIYA
## (ADVOCATE)

G/377/2011

309, LAKHANI CHAMBER, MINI BAZAR,
VARACHHA ROAD, SURAT-395006.
MOBILE .99138-72299


## :: મિલકત અંગેની વિગત ::

સુરત ડિસ્ટ્રીકટ, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો પુણાના **મોજે ગામ સરથાણા** માં આવેલ સર્વે નંબરઃ ૧૦/૨, **બ્લોક નંબરઃ** ૯ થી નોંધવામાં આવેલ જમીન કે જેનુ રેવન્યુ દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૦, આરે. ૯૨,૭૫ ચો.મી. યાને ૯૨૭૫ ચો.મી. છે જેનો **ટી.પી. સ્કીમ નંબરઃ ૨૨** (સરથાણા–વાલક) ને લાગુ પડતા ફાયનલ પ્લોટ નંબરઃ ૫૪ ફાળવવામાં આવેલ તે બીનખેતીની જમીન પૈકી સુરત મહાનગર પાલીકાએ મંજુર કરેલ સબ–ડીવીઝન પ્લાનમાં દર્શાવેલ **સબ–પ્લોટ નંબરઃ ૧** જેનું ક્ષેત્રફળ ૧૩૩૮.૦૦ ચો.મી. વાળી બીનખેતીની જમીનનો ટાઈટલ કલીઅરન્સ રીપોર્ટ.

આભાર સહ...

જીતેશ ડી. કાત્રોડીયા
(એડવોકેટ)

JITESH D. KANTRODIYA
G-377-2011
ADVOCATE